રોવા કુટવાના ચાલ વિષે નિબંધ.

રોવા કુટવાના ચાલ વિષે નિબંધ.

લેખક અને પ્રકાશક

પાર્વતી મહેતા.

નડીઆદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૩૦૦.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યો.

અમદાવાદ

સન ૧૯૧૩.

કીંમત મફત.

પ્રસ્તાવના.

રોવા કુટવાની જે રૂઢિ હાલ ગુજરાતના ઘણા ભાગમાં પ્રચલિત છે તે કેવી અધમ અને અહિતકારી છે તે સંક્ષેપમાં દર્શાવવા આ લઘુ નિબંધમાં પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પ્રયત્ન આ દુષ્ટ રિવાજને થોડે અંશે પણ શિથિલ કરવામાં કારણભૂત થશે તો હું મારો શ્રમ સફલ થયેલો માનીશ.

આ નિબંધ સંવત્ ૧૯૬૫ માં નડીઆદ સાઠોદરા નાગર સ્ત્રી સમાજ આગળ વાંચવામાં આવ્યો હતો. ત્યાર પછી તે છપાવવા કેટલાએક શુભેચ્છકો તરફથી સૂચના થવાથી હાલ તે જોઇતા સુધારા વધારા સાથે છપાવવા યોજના કરી છે.

આનંદબાગ, વડોદરા.
કૃષ્ણજયંતિ સં. ૧૯૬૭.

પાર્વતી.

પ્રસ્તાવના.

રોવા કુટવાની જે રૂઢિ હાલ ગુજરાતના ઘણા ભાગમાં પ્રચલિત છે તે કેવી અધમ અને અહિતકારી છે તે સંક્ષેપમાં દર્શાવવા આ લઘુ નિબંધમાં પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પ્રયત્ન આ દુષ્ટ રિવાજને થોડે અંશે પણ શિથિલ કરવામાં કારણભૂત થશે તો હું મારો શ્રમ સફલ થયેલો માનીશ.

આ નિબંધ સંવત્ ૧૯૬૫ માં નડીઆદ સાઠોદરા નાગર સ્ત્રી સમાજ આગળ વાંચવામાં આવ્યો હતો. ત્યાર પછી તે છપાવવા કેટલાએક શુભેચ્છકો તરફથી સૂચના થવાથી હાલ તે જોઇતા સુધારા વધારા સાથે છપાવવા યોજના કરી છે.

આનંદબાગ, વડોદરા.
કૃષ્ણજયંતિ સં. ૧૯૬૯.

પાર્વતી.

રોવા કુટવાના ચાલ વિષે નિબંધ.

સુજ્ઞ બહેનો તથા પૂજ્ય વડીલો !

આપને ઉપદેશ કરવા હું યોગ્ય નથી. પરંતુ આપણામાં ઘણા વખતથી ચાલતા આવતા એક દુષ્ટ રિવાજ વિષે વિચાર કરવાની હું અત્યંત જરૂર ધારૂં છું–આ રિવાજ તે આપણી જ્ઞાતિમાં કોઇને ઘેર મૃત્યુ થતાં રડવા કુટવાની ભવાઇ ભજવવામાં આવે છે તે. બહેનો ! એ રિવાજને હું ભવાઈ કહું છું તેથી ક્ષમા કરજો. પરંતુ આપ વિચાર કરશો તો સહજ ધ્યાનમાં આવશે કે એ રિવાજ વાસ્તવિક રીતે જોતાં એક પ્રકારની ભવાઇ સિવાય બીજું કંઇજ નથીઃ તફાવત માત્ર એટલોજ છે કે ભવાઈ જ્યારે સઘળા વેષધારી મનુષ્યોની જ બને છે ત્યારે આ ભવાઇમાં વેષધારીઓના મોટા સમુદાયમાં થોડાં મરનારનાં નિકટનાં સંબંધીઓને પણ પોતાના ખરા સ્વરૂપમાં–બેભાન સ્થિતિમાં–આ દુષ્ટ રિવાજને તાબે થઇ સાથે સાથે ઘસડાવું પડે છે.

સુજ્ઞ બહેનો ! આપણાં માતા, પિતા, પતિ, પુત્ર, બહેન, કે એવાં કોઇ પ્રિય સંબંધીઓના મરણથી શોક ન થાય એમ મારૂં કહેવું નથી. શોક તો થવાનો જ. કારણ શોક ન થવા જેટલી યોગ્યતા-એ આ સંસારમાં પહોંચવું મુશ્કેલ છે. પરંતુ બહેનો, એ શોકનું તે કાંઈ જાહેર પ્રદર્શન કરવાનું હોય ! કુટુંબમાં મરણ થાય ત્યારે ઘરનાં માણસોને દુઃખ થાય એ સ્વાભાવિક છે. તેથી તેવે પ્રસંગે અન્ય સંબંધીઓએ દુઃખમાં ખરા અંતઃકરણથી ભાગ લેવો, અને તેમને આશ્વાસન આપવું એ તેમનું કર્તવ્ય છે; અને તે ઉદ્દેશથીજ આ રિવાજ મૂળ ઉત્પન્ન થયો હોવો જોઇએ એ સ્પષ્ટ છે. પરંતુ આ

પ્રમાણે મૂળ ઉત્પત્તિ કેવળ પવિત્ર અને અબાધિત છતાં બીજા ઘણા આધુનિક રિવાજોની માફક હાલ તેનું કેવું વિપરીત રૂપાંતર થઇ ગયું છે! દુઃખમાં ભાગ લેવાનો અને આશ્વાસન આપવાનો મૂળ ઉદ્દેશ લોપ થઇ તેને બદલે વખત જતાં હાલ કેવળ બાહ્યાચાર રૂપે તમાશા જેવી દુઃખમાં ભાગ લેવાની ભવાઇ થઇ પડી છે.

ઘરનાં માણસો તો પોતાના પ્રિય સંબંધીના મરણથી દયા જનક સ્થિતિમાં હોય છે. મરણ પહેલાં મરનારની સેવા અને સંભાળના શ્રમ અને જાગરણથી તથા મંદવાડનું પરિણામ શું આવશે તેની ચિંતાથી તેઓ ગાંડા જેવાંજ થયેલાં હોય છે. તેમાં વળી કોઇ વખત અન્નની પણ બાધા લીધેલી હોય તો ખરેખરાં ઉપવાસી હોય છે. આ પ્રમાણે ભૂખ, જાગરણ, અને ચિંતાથી પીડાયલાં ઘરનાં માણસો ગાંડુઘેલું આક્રંદ કરતાં હોય છે, તેવે વખતે દુઃખમાં ભાગ લેવા કે દિલાસો આપવાને નિમિત્તે તેમની ચેષ્ટા જોવી એ કેટલી ક્રૂરતા! કેવી મનની અધમતા! નીતિના માર્ગમાં આથી વધારે અનર્થ કરનારૂં બીજું કાંઇ હોઇ શકે એમ મને લાગતું નથી.

મરણ સમયે મરનારનું મન પૂર્ણપણે શાન્ત રહેવા અને તેવે કાળે તેના પોતાના ખરા સ્વરૂપનું ભાન થવા કોઇ તત્ત્વજ્ઞાનની કથા કરાવવાનું આવશ્યક છે. તેવે સમયે તેની પાસે ઘણી વખત મોટેથી રૂદન કરવામાં આવે છે, અને કોઇ વખત તો ધર્મને નામે કેટલાએક અણસમજુ લોકો તરફથી મરનારની બેશુદ્ધ સ્થિતિમાં તેનું માથું હજામ પાસે જેમ તેમ સોરાવી, તેના ઉપર ઠંડુ પાણી રેડી, તેનું શરીર તરતની લિપેલી ભીની જમીન ઉપર નાખી, તેના સ્થૂળ દેહની બાહ્ય પવિત્રાઇ સાચવવા મોટું ધાંધલ મચાવી મૂકવામાં આવે છે. પરિણામે મરનારના અંતરાત્માને આ શરીરના અંત સમયે પોતાની નિર્બળ પરાધીન સ્થિતિમાં ઘણું કષ્ટ પડે છે, અને વખતે તેનું મૃત્યુ

વહેલું લાવવામાં તેનાં પોતાનાંજ પ્રિય સંબંધીઓનું આ વર્તન કારણભુત થાય છે. બહેનો ! આ કેટલું નિર્દય કહેવાય ? શાસ્ત્ર અનુસાર દેહની શુદ્ધિ અને સ્વચ્છતા સાધવી એ ખરૂં છે, પણ તે વિધિ પણ શાન્તિ અને સંભાળથી થવો જોઇએ. મરણ થયા પછી શબ ઘેરથી કાઢવામાં ઢીલ થઇ અગર સ્મશાનયાત્રામાં જનાર માણસો થોડા દેખાયા તો પાછા રસિયા લોકો બહાર ટીકા કરવા પાસે જ હોય છે. આવી ટીકાના ભયથી ઘણા લોકો મોટી દોડાદોડ કરી મૂકે છે અને ઘણું કલ્પિત દુઃખ માની લે છે.

બહેનો ! શબની પાછળ બહાર રડતાં અને છાતી પિટતાં દોડવું, અને જાહેર રસ્તામાં અમર્યાદપણે પલટણની માફક ઉભાં રહી રાજીઆ ગાવા એ કેટલું નિર્લજ્જ કહેવાય ? આવે પ્રસંગે અસહ્ય દુઃખમાં ઘરનાં માણસોનાં તન મન ક્યાંથી સ્થિર હોય ! શક્તિ શાની હોય ! પરંતુ આ બધો વિચાર કોણ કરે ? શક્તિ ન હોય તો માગી લાવો પણ દરેકના સામુ જોરથી કુટવુંજ જોઇએ, તેનાં સગાંને સંભારવાંજ જોઇએ, અને ચોકસ શબ્દો બોલવાજ જોઇએ. જો કાંઇ ચુકયાં તો પરીક્ષકો સામાં તૈયાર જ હોય છે તે ગાંડાં, કે લાગણી વિનાનાં કહે. એવા લોકો તો ખાઇ પરવારી પોતાનાં સગાંને સંભારાવવા અને મરનારનાં ઘરનાં માણસોની ચિકિત્સા જોવા તથા ટીકા કરવાજ આવ્યાં હોય છે. કેટલાએક ડરેલા રાગડા, જેવાકે, “ પીતાંબર પહેરી સ્વર્ગની પીંડ સામા તેડવા આવશો, પાલખી સમતોલ લેશો, ચરૂ કડાઈએ કંસાર કરાવી પાટલા માંડી જમવા બેસશો, લાખેણા દંડ ભરી બધાંની છોડવણી કરશો ” વગેરે આલાપ કાઢી મોટેથી રડે તોજ સાચો શોક અને ખરી કુશળતા ! આ કેટલી ઘેલાઇ ! અરે ! શાની છોડવણી ! ક્યાં પાટલા માંડવાના ! કોની પાલખી લેવાની ! મરનારનું શરીર તો આપણે બાળી રાખ કર્યું અને આત્મા પોતાને

રસ્તે ચાલ્યો ગયો. આપણો વિચાર અને વિવેક ક્યાં ગયો? આ જાહેર ભવાઇ માત્ર આપણી જંગલી અવસ્થાનુંજ ભાન કરાવે છે. અરે! આ સ્થિતિ નાગર જેવી કેળવાયલી જ્ઞાતિને લજ્જાસ્પદ છે.

વળી આ દુષ્ટ રિવાજથી થતો અનર્થ આટલેથીજ અટકતો નથી. કેટલીએક વખત લોકાચારને તાબે થઇ અગર ટીકાના ભયથી મરનારનાં સંબંધીઓ ગભરાટમાં છાતી કે માથું કુટી શરીરમાં રોગ પેદા કરે છે, અને તે રોગથી ઘણો વખત રિબે છે. બહેનો! આ બધું શાને માટે? આપણા ધર્મશાસ્ત્રમાં શું કહ્યું છે? ગરૂડપુરાણ તો ઘણાંએ સાંભળ્યું હશે. તેમાંનાં વચનો માનીએ તો મરનારની પછી તેના સંબંધીઓનો કલેશ અને વિલાપ મરનારને પીડારૂપ થઇ પડે છે. ત્યારે શું આપણે મરનારને દુઃખનું કારણ થવું એ યોગ્ય છે? કદાપિ આવાં પુરાણશાસ્ત્રો ઉપર આપણી શ્રદ્ધા બરોબર ન હોય તો જ્ઞાનના ભંડાર રૂપ શ્રીમદ્ **ભગવદ્ગીતા**માં શું કહ્યું છે તે જોઇએ.

" न जायते म्रियते वा कदाचिन्
नायं भूत्वा भविता वा न भूयः।
अजोनित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥ "

આત્મા જન્મ લેતો પણ નથી ને મરતોએ નથી. તેમજ તે પ્રથમ જન્મ લેઇને ફરી પાછો જન્મ લેશે એમ પણ નથી. તે અજન્મા છે, નિત્ય છે, એકસ્વરૂપ છે, સનાતન છે. શરીર હણાય પણ તે હણાતો નથી.

તેજ પુસ્તકમાં કહ્યું છે કે:—

" देहिनोऽस्मिन् यथा देहे कौमारं यौवनं जरा।
तथा देहांतरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥

દેહધારી જીવના શરીરમાં જેમ બાલપણુ, યૌવન, અને વૃદ્ધાવસ્થા, પ્રાપ્ત થાય છે તેવીજ રીતે મરણુ પછી અન્ય દેહની પ્રાપ્તિ થાય છે. તેમાં ધીરપુરૂષ મોહ પામતો નથી.

વળી આજ ગીતામાં આગળ જણાવ્યું છે કે:—

"वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृह्णाति नरोऽपराणि
तथा शरीराणि विहाय जीर्णानि
अन्यानि संयाति नवानि देही ॥"

જેમ મનુષ્ય જીર્ણુ વસ્ત્રોનો ત્યાગ કરીને બીજાં નવીન વસ્ત્રો ધારણુ કરે છે, તેમ જ દેહધારી આત્મા જીર્ણુ શરીરનો ત્યાગ કરીને બીજા નવા શરીરને ધારણુ કરી લે છે.

અર્થાત્ જીર્ણુ દેહના નાશમાં શોક કરવો યોગ્ય નથી. આપણો ઋણાનુબંધ હતો ત્યાં સુધી આપણો અને મરનારનો સમાગમ રહ્યો. તે છુટી ગયો એટલે તેનો અને આપણો વિયોગ થયો. બહેનો ! હું જાણું છું કે પ્રસંગ માથે આવી પડે આ પાંડિત્ય સુઝતું નથી. પણુ મનને શાન્ત કરવાનો આ જ ખરો માર્ગ છે. મને ધાસ્તી રહે છે કે મારૂં બોલવું આપને કંટાળો આપતું હશે, પણુ હવે તે વધારે લંબાવવા હું માગતી નથી. માત્ર ઉપર જે કહેવામાં આવ્યું તે સંક્ષેપમાં એક વખત ફરી દિગ્દર્શન રૂપે આપના લક્ષ ઉપર લાવી હું મારી યાચના બંધ કરીશ. આપણે ઉપર જોયું છે કે રોવા કુટવાનો રિવાજ જે રૂપમાં હાલ આપણામાં પ્રચલિત છે તે મૂળ ઉદ્દેશને છોડી કેવળ રૂપાંતર થઈ ગયો છે. આ રિવાજ નીતિની દૃષ્ટિથી દુષ્ટ છે, સામાજિક રીતે જોતાં પણુ અધમ અવસ્થા સૂચવનારો છે, વૈદ્યકશાસ્ત્ર

પ્રમાણે શરીરને હાનિકારક છે, ધાર્મિક પક્ષે પુરાણશાસ્ત્રોથી તે નિષેધ માનેલો છે, અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી પણ તજવા યોગ્ય છે,–આમ દરેક રીતે તે નિંદ્ય અને બાધક દેખાય છે. ત્યારે હવે પ્રત્યેક બહેન આ નિશ્ચય ઉપર આવી પોતે ધૈર્યથી વર્તશે, અને ભવિષ્યમાં આ દુષ્ટ રિવાજમાં પોતે ભાગ ન લેવા સંકલ્પ કરશે તો આ ઢોંગી શોકનું જાહેર પ્રદર્શન થોડા સમયમાં સ્વતઃ બંધ પડશે. સુજ્ઞ બહેનો ! વધારે કહેવાની જરૂર હું ધારતી નથી માટે હવે આ વિવેચન આટલેથીજ સમાપ્ત કરૂં છું.

ॐ शान्तिः शान्तिः शान्तिः